સુવિચાર : જ્યારે કોઈ હૃદયથી હટીને બુદ્ધિમાં ફસાય છે ત્યારે વિવાદમાં ફસાય છે - શ્રી શ્રી રવિશંકર

તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૬, બુધવાર ; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- કોંગ્રેસે કનૈયાને પોસ્ટર બોય બનાવતા ખેંચતાણના સંકેત
- ૧૨ ટકાથી ઓછા ઓબીસી કેન્દ્ર સરકારની નોકરીમાં છે
- હવે વિજય માલ્યાના પર્સનલ જેટ વિમાનને વેચવા તૈયારી
- ભારતમાં મહિલા સ્મોકર્સની સંખ્યામાં વધારો : અહેવાલ
- સેન્સેક્સમાં ૨૫૩ પોઇન્ટ ઘટી બંધ રહ્યો
- ડોલર વિરૂદ્ધ રૂપિયો ૨૮ પૈસા ઘટીને બંધ
- એક એમ્બ્યુલન્સમાં ભરીને ભુજબળના પૈસા ગયા હતા
- મદર ટેરેસાને સંત તરીકે પોપ ફ્રાન્સિસની બહાલી
- ઓવેસીના સૂચન શરમજનક છે : વેંકૈયા નાયડુની પ્રતિક્રિયા

# ઈપીએફઓ મારફતે ૫૦૦૦૦ કરોડ ઉભા કરાશે

**મધ્યમ કદના હાઈવે પ્રોજેક્ટ માટે જંગી નાણાનો ઉપયોગ કરાશે : ઇપીસી મોડલ હેઠળ માર્ગોનું નિર્માણ થશે : એલઆઈસી અને ઇપીએફઓ બંને સૈદ્ધાંતિકરીતે નાણાં આપવા રાજી થઇ ગયા : ટૂંકમાં જ શરતોની જાહેરાત**



નવીદિલ્હી,તા. ૧૫

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય પોતાના હાઈવે વિસ્તરણ પ્રોજેક્ટ માટે ૫૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાના હેતુથી એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) સાથે વાતચીત કરી રહ્યું છે. આ ફંડનો ઉપયોગ મધ્યમ કદના હાઈવે પ્રોજેક્ટ માટે કરવામાં આવશે. ઈપીએફઓ મારફતે ૫૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના માર્ગ મંત્રાલય ધરાવે છે. મધ્યમ કદ વાળા હાઈવે પ્રોજેક્ટનું નિર્માણ એન્જિનિયરિંગ પ્રાપ્તિ અને નિર્માણ (ઈપીસી) મોડલ હેઠળ કરવામાં આવનાર છે. આ પ્રકારના પ્રોજેક્ટ માટે સંપૂર્ણ ફંડિંગ સરકાર દ્વારા કરવામાં આવે છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ઈપીએફઓ પોતાના ગ્રાહકોને જે વ્યાજની ઓફર કરે છે તેનાથી થોડાક વધારે રેટ ઉપર તે આ પ્રોજેક્ટને પૈસા લગાવવામાં રસ ધરાવે છે. ઈપીએફઓ હાલ ગ્રાહકોને ૮.૭૫ ટકાના રેટ ઉપર વ્યાજ આપે છે. તેની પાસે પાંચ કરોડ સભ્યો છે. ઈપીએફઓ આઠ લાખ કરોડના ફંડની વ્યવસ્થા કરે છે. આ સંદર્ભમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસીસ કંપની ફિડબેક ઈન્ફ્રાના ચેરમેન વિનાયક ચેટર્જીએ માહિતી આપતા

● અનુસંધાન પાન-૭ પર

## બંગાળની સ્કૂલોમાં રાષ્ટ્રગીત ફરજિયાત કરવા માટે આદેશ

**મમતા સરકાર દ્વારા સૂચના જારી કરવામાં આવી : મદ્રાસ હાઈકોર્ટના ત્રીજી માર્ચના ચુકાદાનો ઉલ્લેખ થયો**

કોલકાતા,તા.૧૫

પશ્ચિમ બંગાળની મમતા સરકારે એક આદેશ જારી કરીને બંગાળની સ્કૂલોમાં રાષ્ટ્રગીતને ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે. સ્કૂલોમાં પ્રાર્થના સભા દરમિયાન રાષ્ટ્રગીત ગાવવાની બાબતને ફરજિયાત કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષણ બોર્ડે આ આદેશની પાછળ મદ્રાસ હાઈકોર્ટ દ્વારા ત્રીજી માર્ચના દિવસે જારી કરવામાં આવેલા આદેશનો ઉલ્લેખ કર્યો છે. સૂત્રોએ કહ્યું છે કે, વર્ષ ૨૦૧૫માં મદરેસા અધ્યક્ષ કાજી માસૂમ અખ્તર ઉપર ભીડ દ્વારા કરવામાં આવેલા હુમલાની ઘટનાને પણ સરકાર ગંભીરતાથી લઈ રહી છે. અખ્તર ઉપર થોડાક દિવસ પહેલા જ હુમલો કરવામાં આવ્યો હતો. સવારમાં સભા દરમિયાન રાષ્ટ્રગીતની બાબત હવે ચર્ચામાં રહેશે.



# ઉત્તર પ્રદેશની ચૂંટણી માટે આરએસએસની વ્યૂહરચના

**ચૂંટણી તૈયારી માટે સંઘના દત્તાત્રેય ઉત્તરપ્રદેશ શિફ્ટ થશે : ચૂંટણી તૈયારી પર ચાંપતી નજર રાખવા તૈયારીની જવાબદારી રહેશે ઉત્તરપ્રદેશમાં શાનદાર દેખાવ કરીને સરકાર બનાવવાની તૈયારીમાં લાગેલા ભાજપે તમામ ક્ષેત્રો ઉપર ધ્યાન આપ્યું**

લખનૌ,તા. ૧૫

વર્ષ ૨૦૧૭માં યોજાનાર ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા તૈયારી શરૂ કરવામાં આવી છે. ભાજપની ચૂંટણી તૈયારી પર નજર રાખવા માટે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના વરિષ્ઠ નેતા દત્તાત્રેય હોસબલેને કહેવામાં આવ્યુ છે. આ જવાબદારી હેઠળ દત્તાત્રેયને લખનૌની મુખ્ય જવાબદારી સોંપવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે દત્તાત્રેય સંઘના અખિલ ભારતીય સંયુક્ત સચિવ છે. તેમને ચૂંટણી તૈયારીના અનુસંધાનમાં લખનૌ મોકલી દેવાનો નિર્ણય કર્યો છે. તેમને આ જવાબદારી એવા સમયમાં સોંપવામાં આવી રહી છે જ્યારે ભાજપ યુપીચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને સરકાર બનાવવાના પડકારનો સામનો કરવા માટે તૈયાર છે. દત્તાત્રેય હાલમાં પટણામાં છે. ૨૦મી માર્ચ બાદ તેઓ કોઈ પણ સમય લખનૌ જઈ શકે છે. દેશભરમાં સંઘની અંદર દત્તાત્રેય ક્રમની દ્રષ્ટિએ ત્રીજા ક્રમાંક ઉપર આવે છે. રાજકીય ચૂંટણી નિષ્ણાંતો માની રહ્યા છે કે દત્તાત્રેયને ઉત્તરપ્રદેશમાં મોકલી દેવાના નિર્ણયથી લાગે છે કે સંઘ દ્વારા પણ

● અનુસંધાન પાન-૭ પર



શો-રૂમવાળાની સભા - જ્વેલર્સ આંદોલન આક્રમકતાથી ચાલી રહી રહ્યું છે... નીતનવા કાર્યક્રમોથી આંદોલનને જીવંત રાખતા સોના-ચાંદીના વેપારીઓ દ્વારા અમદાવાદ હાર્દસમા માણેક ચોકમાં જંગી સભા યોજાઈ હતી... અને હક માટે લડી લેવાની પ્રતિબદ્ધતા સભામાં વ્યક્ત થઈ હતી...

**બિનસત્તાવાર અહેવાલથી અનેક તર્ક-વિતર્ક : મોડી રાત સુધી અસમંજસતા**

# સોમનાથ મંદિર પર હુમલાનો પ્રયાસ નિષ્ફળ

**ત્રાસવાદીને ક્યા-ક્યારે ઠાર કરવામાં આવ્યા તે સંબંધમાં વિગત ન અપાઈ: અન્ય ત્રાસવાદીની શોધખોળના હેવાલ**

નવીદિલ્હી, તા.૧૫

સોમનાથ મંદિર પર હુમલા કરવાની મોટી યોજનાને નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. આ સંદર્ભમાં ૧૦ પાકિસ્તાની ત્રાસવાદીઓ પૈકીના ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આ સનસનાટીપૂર્ણ સમાચાર અંગે મોડી રાત સુધી સમર્થન મળે તેવી માહિતી ન મળતા દુવિધાભરી સ્થિતિ રહી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, મહાશિવરાત્રી તહેવાર દરમિયાન ત્રાસવાદી હુમલો કરવાના ખતરનાક ઈરાદા સાથે ગુજરાત મારફતે ભારતમાં ઘુસેલા ૧૦ ત્રાસવાદીઓ પૈકીના ત્રણ ત્રાસવાદીઓને સુરક્ષા દળોએ મોતને ઘાટ ઉતારી દીધા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓ અંગેની માહિતી મળી ગઈ છે. ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવાયા છે અને અન્યોને પકડી પાડવા માટે વ્યાપક ઓપરેશન ચાલી રહ્યું છે. આ ત્રાસવાદીઓને ક્યા અને ક્યારે ઠાર કરવામાં આવ્યા તે અંગે સુરક્ષા સંસ્થાઓએ કોઈપણ માહિતી આપી નથી. બીજી બાજુ ત્રાસવાદીઓ ગુજરાતમાં ઘુસ્યા છે તેવા અહેવાલ થોડાક દિવસ પહેલા આવ્યા બાદથી હાઈએલર્ટની જાહેરાત સમગ્ર રાજ્યમાં કરવામાં આવી હતી. જેના ભાગરુપે સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, અક્ષરધામ મંદિર, સરદાર સરોવર બંધ, મોટા વિજ પ્લાન્ટ સહિત તમામ જગ્યાઓએ સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ કરવામાં આવી હતી. સાથે સાથે મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા હતા.

હવે એવા અહેવાલ મળ્યા છે કે, સોમનાથ મંદિર પર હુમલા કરવાની યોજના નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. જો કે, આ અહેવાલને મોડી રાત સુધી સમર્થન મળી રહ્યું ન હતું. કેટલીક સંમાચાર સંસ્થાઓએ આ અંગેના અહેવાલ દર્શાવ્યા હતા. ત્રાસવાદીઓની ઘુસણખોરીના સંદર્ભમાં ઈન્ટેલીજન્સ ઈન્પુટ મળ્યા બાદથી જ માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા.

# હાર્દિક પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી

**હાર્દિકનું જેલમાં વર્તન સારૂ નથી : કોર્ટ : સુરતની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી : હાર્દિકના વકીલે કનૈયાને મળેલા જામીનનો મુદ્દો વિસ્તારથી ઉઠાવ્યો**

સુરત, તા.૧૫

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણી કરીને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર અને હાલમાં રાજદ્રોહના કેસમાં લાજપોર જેલમાં બંધ પાટીદાર અનામત આંદોલનના કન્વિનર હાર્દિક પટેલને આજે પણ કોઇ રાહત મળી ન હતી. કારણ કે, સુરત સેશન કોર્ટે હાર્દિક પટેલની જામીન અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, હાર્દિક પટેલનું વર્તન જેલમાં પણ સારું રહ્યું નથી. હાર્દિક જેલમાં છે છતાં બહાર તોફાન થાય છે તે સમાજ માટે હિતકારી નથી. અરજીની સુનાવણી પ્રિન્સિપલ સેશન જજ ગીતા ગોપી દ્વારા હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાર્દિક મામલામાં ગઈકાલે સરકાર પક્ષ અને વકીલ પક્ષ દ્વારા દલીલો પૂર્ણ કરી જરૂરી સોંગદનામાં લઈ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ હાર્દિકને જામીન આપવાનો ઈન્કાર કરાયો હતો. કોર્ટે તારણ આપતા કહ્યું હતું કે, જેલમાં કસ્ટડીમાં રહ્યા સમયે પણ હાર્દિકની વર્તણૂક સારી રહી નથી. જેના કારણોને ધ્યાનમાં રાખીને સેશન્સ કોર્ટ દ્વારા હાર્દિકના જામીન નામંજુર કરવામાં આવ્યા છે. અમદાવાદમાં કરેલી જામીન અરજી બાદ પણ સુરત પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલા રાજદ્રોહના કેસમાં પણ હાર્દિકના જામીન નામંજુર થયા હતા. ઉલ્લેખનીય છે કે, કન્હૈયાના કેસમાં હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા જામીનના ઓર્ડરનો હાર્દિકના વકીલ દ્વારા દાખલા રૂપે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા અઠવાડિયામાં હાર્દિક પાસેથી મળેલા મોબાઈલ ચાર્જર તેમજ બેરેક બહારથી મળેલા મોબાઈલનો કેસ બન્યો હતો.

હાર્દિકના વર્તણૂકને પણ કોર્ટે ધ્યાનમાં લીધી હતી. જેથી કરીને હાર્દિકના જામીન નામંજુર કરવામાં આવ્યા હતા. હાર્દિકના રાજદ્રોહના કેસમાં કોઈપણ રાહત મળી રહી નથી.

